" મહાત્મા ફુલે શ્રેષ્ઠ દલિત પત્રકાર" એવોર્ડ આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક–એસસીડબલ્યુ/૧૦૨૦૦૨/ન.બા.૧૭/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–૨૯/૭/૨૦૦૨

ઠરાવ :–

દલિત પત્રકારો અનુસૂચિત જાતિઓ સહિત સમગ્ર દલિત સમાજ ઉપર થતા અત્યાચારો તેઓના પ્રશ્નો, સમસ્યાઓ વગેરે બાબત દૈનિક, અઠવાડિક, પાક્ષિક કે માસિક સામાયિકોના માધ્યમ ધ્વારા પ્રજાસમક્ષ રજુ કરતા હોય છે.

૨. આમ ઉપરોકત બાબતે જાનના જોખમે અને મુશ્કેલ ભર્યા સંજોગોમાં દલિતોના પ્રશ્નોને વાચા આપતા શ્રેષ્ઠ પત્રકારને પુરસ્કૃત કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે શ્રેષ્ઠ દલિત પત્રકારને રૂ. ૨૫,૦૦૦/– ( અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) નો એવોર્ડ આપવાનુ ઠરાવવામાં આવે છે. આ એવોર્ડ " મહાત્મા ફુલે શ્રેષ્ઠ દલિત પત્રકાર એવોર્ડ " તરીકે ઓળખાશે.

૩. આ એવોર્ડ આપવા માટેની પધ્ધતિ તથા નિયમો આ સાથેના પરિશિષ્ટ દર્શાવેલ છે.

૪. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર " ૨૨૨૫–અનુસૂચિત જાતિ/જનજાતિ અને પછાતવર્ગનુ કલ્યાણ –૦૦૧– અનુસૂચિત જાતિઓનું કલ્યાણ બીસીકે–૨૬ શ્રેષ્ઠ દલિત સાહિત્યકૃતિ તેમજ શ્રેષ્ઠ દલિત પત્રકારને એવોર્ડ " હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

૫. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૨૬/૭/૦૨ ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બી. પી. પ્રજાપતિ )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
–માન. મંત્રીશ્રી, (સા.ન્યાય અને અધિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
– નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ગુજરાત રાજય, ગાંધીનગર.
– એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
– પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
–સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, ગાંધીનગર
– નાણાં વિભાગ,/નાણાં સલાહકારશ્રી,
–વિભાગની સર્વે શાખાઓ. / – સિલેકટ ફાઈલ.

## પરિશિષ્ટ

**દલિત પત્રકારને "મહાત્મા ફુલે શ્રેષ્ઠ દલિત પત્રકાર એવોર્ડ" એનાયત કરવાની યોજનાના નિયમો અને પધ્ધતિ.**

૧. અનુ.જાતિઓ સહિત સમગ્ર દલિત વર્ગોના શોષણ,દમન,પીડા,વિદ્રોહ સંઘર્ષ અને આકાંક્ષાઓને અભિવ્યકત કરી આ વર્ગોમાં માનવીય ગરીમા સાથે તેમનામાં અધિકારો માટે જાગૃતિ લાવતા અને ખાસ કરીને વિભિન્ન વર્ગોમાં સામાજિક સમરસતા પ્રસ્થાપિત કરી દલિતોમાં અસ્મિતા પ્રગટકરતા તેમજ દલિત સમાજ ઉપર થતા અત્યાચારો, તેઓના પ્રશ્નો સમસ્યાઓ વગેરે બાબતે દૈનિક, અઠવાડિક, પાક્ષિક કે માસિક સામાયિકોના માધ્યમ ધ્વારા દલિત પત્રકારો પ્રજા સમક્ષ રજુ કરતાં પત્રકારને "મહાત્મા ફુલે શ્રેષ્ઠ દલિત પત્રકાર એવોર્ડ" આપવામાં આવશે.

૨. એવોર્ડની શરતોઃ-

(૧) આ એવોર્ડમાં રૂ.૨૫,૦૦૦(રૂ.પચ્ચીસ હજાર પુરા) ની રોકડ રકમ તથા એક પ્રસંશાપત્રસામેલ હશે.એવોર્ડની રકમનું વિતરણ ચેક ધ્વારા કરવામાં આવશે.

(૨) એવોર્ડને પાત્ર ઠરેલ વ્યકિતને એવોર્ડ વિતરણ સમારંભમાં હાજર રહેવા આમંત્રણ આપવામાં આવશે.

(૩) આ એવોર્ડ દર વર્ષે આપવામાં આવશે અને વર્ષ તરીકે નાણાંકીય વર્ષ ધ્યાનમાં લેવામાં આવશે.

(૪) જો કોઈ વર્ષે આ એવોર્ડ કોઈપણ વ્યકિતને આપવામાં ન આવે તો તે વર્ષ પુરતો આ એવોર્ડ મુલતવી રાખવામાં આવેલો ગણાશે.

(૫) એવોર્ડ એનાયત કરવાનો તમામ ખર્ચ રાજય સરકાર ભોગવશે.

(૬) રાજય સરકાર નકકી કરે તે મહાનુભવોના વરદ્ હસ્તે આ એવોર્ડ એનાયત કરાશે.

છેલ્લાં પાંચ વર્ષમાં વ્યકિત અનુસૂચિત જાતિના લોકોના ઉત્કર્ષ માટે સર્જનાત્મક દલિત પત્રકાર બાબતે વિશિષ્ટ યોગદાનને એવોર્ડ આપવા માટે ધ્યાનમાં લેવામાં આવશે.

૩. એવોર્ડ માટે ભલામણકરવાની વિધિઃ-

(૧) આ એવોર્ડ માટે નીચેની વ્યકિત-સંસ્થાઓ ભલામણ.કરી શકાશે.

ક) સાહિત્યના જાણકાર તથા સામાજિક કાર્યના ક્ષેત્રે સાથે સંકળાયેલ વ્યકિત-સંસ્થાઓ.

ખ) સંસદ સભ્યો-વિધાનસભા સભ્યો,રાજયની વડી અદાલત ના ન્યાયાધીશો.

ગ) રાજય,~~રાષ્ટ્ર કે આંતર~~ રાષ્ટ્રીય ક્ષેત્રે એવોર્ડ પ્રાપ્ત કરનાર વ્યકિતઓ કે વિજેતાઓ,સંસ્થાઓ અને સંગઠનો.

ઘ) યુનિવર્સિટીઓના ઉપકુલપતિ

ચ) એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિ આવા એવોર્ડ માટે ભલામણ કરવા નકકી કરે તેવી કોઈપણ વ્યકિત-સંસ્થા.

(૨) કોઈપણ વ્યકિત પોતાના નામની એવોર્ડ માટે ભલામણકરશે તો તે ધ્યાન ઉપર લેવાશે નહિ.

(૩) ઉપર જણાવેલ વ્યકિત કે સંસ્થા એકજ નામની ભલામણ કરી શકાશે.

(૪) એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિના સભ્યો કોઈના નામની ભલામણ કરી શકશે નહિ.

૪. <u>એવોર્ડ આપવા માટેની તારીખઃ-</u>

મહાત્મા ફુલે શ્રેષ્ઠ દલિત પત્રકાર એવોર્ડ માટે દર વર્ષે લેખિત સ્વરુપે અગ્રગણ્ય દૈનિક પત્રોમાં જાહેરાત આપીને આ સાથેનાઅરજી પત્રકમાં દરખાસ્તો મંગાવવામાં આવશે. જે અન્વયે નિયત સમય મર્યાદામાં મળેલી દરખાસ્તો-ભલામણો એવોર્ડ નિર્ણાયક સમિતિ ધ્યાનમાં લેશે. નિયત સમય મર્યાદા પુરી થયા બાદ મળેલી દરખાસ્તો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૫. <u>એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિઃ-</u>

૧) એવોર્ડ માટે પત્રકારની પસંદગી કરવા માટે રાજ્ય સરકાર ધ્વારા નીચે જણાવેલ સભ્યોની <u>એક સલાહકાર સમિતિ રચવામાં આવશે.</u>

| | | |
|---|---|---|
| (૧) | માન.મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા | અધ્યક્ષ |
| (૨) | મા.નાયબ મંત્રીશ્રી-સા.ન્યાય અને અધિકારીતા | સભ્ય |
| (૩) | અનુસૂચિત જાતિના એક સંસદસભ્ય અથવા ધારાસભ્ય | સભ્ય |
| (૪) | અનુ.જાતિના ઉત્કર્ષ માટે સાહિત્યક્ષેત્રે કામ કરેલ હોય તેવી કોઈ એક વ્યકિત | સભ્ય |
| (૫) | પત્રકારત્વ સાથે સંકળાયેલ બે પ્રતિષ્ઠિત વ્યકિતઓ | સભ્ય |
| (૬) | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના- સચિવશ્રી | સભ્ય |
| (૭) | નિયામક,અનુ.જાતિ કલ્યાણ | સભ્ય સચિવ |

૨) એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિની મુદત ૩ વર્ષની રહેશે.

૩) એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિએ તેનો નિર્ણય બહુમતી ના ધોરણે લેવાનો રહેશે અને જયાં મત સરખા વિભાજિત થતા હોય ત્યારે સમિતિના અધ્યક્ષશ્રીનો મત નિર્ણાયક રહેશે.

૪) એવોર્ડ માટે દરખાસ્તો મેળવવાની, તેની સમગ્ર ચકાસણી કરી આ અંગેની તમામ વિગતો તૈયાર કરવાની કામગીરી સભ્ય સચિવ તરીકે નિયામક, અનુસૂચિતજાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગરે કરવાની રહેશે.

૫) નિર્ણાયક સમિતિ એવોર્ડ માટે મળેલ દરખાસ્તો પર વિચારણા કરી જે સાહિત્યકારને એવોર્ડ આપવા યોગ્ય હોય તેની જાણ અધિક મુખ્યસચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ને કરવાની રહેશે. જે ના આધારે રાજય સરકાર એવોર્ડ આપવાની કાર્યવાહી કરશે. એવોર્ડ વિતરણ સમારંભની સઘળી કામગીરી નિયામક અનુ.જાતિ ~~કલ્યાણએ કરવાની~~ રહેશે.

૬) નિર્ણાયક સમિતિની કાર્યવાહી લેખિતમાં અને ગુપ્તરાખવાનીરહેશે.

૭) નિર્ણાયક સમિતિના નિર્ણય બાબતે કોઈ રજુઆત ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૮) આ એવોર્ડ ખાસ સમારંભમાં આપવામાં આવશે.

સામાન્યઃ-

૧. આ નિયમોમાં ફેરફાર કરવાની સત્તા રાજ્ય સરકારને રહેશે.

૨. એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિને તેના કાર્યો સબંધમાં પેટા નિયમો બનાવવાની અને તેને અનુકુળ હોય તેવી વિધિ અનુસારવાની સત્તા રહેશે. પરંતું તે માટે રાજ્ય સરકારની ઔપચારિક અનુમતિ મેળવી લેવાની રહેશે.

અનુ.જાતિના સર્જનાત્મક દલિત પત્રકારને "મહાત્મા ફુલે શ્રેષ્ઠ દલિત પત્રકાર એવોર્ડ" આપવાની યોજનાનું અરજી પત્રક.

પાસપોર્ટસાઈઝનો ફોટો

૧. પુરું નામઃ-

૨. સરનામુંઃ-

૩. જન્મ તારીખઃ-

૪. અનુસૂચિત જાતિ પ્રમાણપત્ર (પ્રમાણિત નકલ સામેલ કરવી)

૫. નાગરીકતાઃ-

૬. અભ્યાસઃ-

૭. પત્રકારત્વમાં અગ્રલેખો, દલિત સમાજના પ્રશ્નોનું આલેખન વગેરે પ્રસિધ્ધ થયેલ લેખો :-

૮. પ્રવૃત્તિઓઃ-

૯. મેળવેલ પુરસ્કારો, પ્રમાણપત્રોઃ-

૧૦. કેટલાં વર્ષથી પત્રકાર છો?

૧૧. વિશેષ નોંધ

સ્થળઃ-

તારીખઃ-

પત્રકારની સહી ____________

NB19G.